# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

વંચાણે લીધોઃ ઉપસચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ ગકવ-૧૨૨૦૧૨-૨૨૯૯-પાર્ટ-૧-ક-૨, તા.૨૭/૮/૨૦૧૨.

## <u>પ રિ પ ત્ર</u>

વંચાણે લીધેલ સરકારશ્રીના પત્રમાં જણાવ્યાનુસાર કૃષિ અને સહકાર વિભાગના નિયંત્રણ હેઠળની ખેતી નિયામકની કચેરીમાં ખાલી પડેલ નાયબ ખેતી નિયામકની જગ્યાઓ કૃષિ યુનિવર્સિટીના સંશોધન તેમજ વિસ્તરણ શિક્ષણમાં મહદઅંશે સેવા બજાવી હોય તેવા મદદનીશ પ્રાધ્યાપક સંવર્ગથી પ્રતિનિયુકિતથી ભરવાની રહે છે.

તદ્દઅનુસાર આણંદ કૃષિ યુનિવર્સિટી ના યુનિટ / સબ યુનિટ કચેરીમાં સંશોધન તેમજ વિસ્તરણ શિક્ષણમાં મહદઅંશે સેવા બજાવી હોય તેવા મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ સંવર્ગમાં ફરજ બજાવતા ૬ શિક્ષક કર્મચારીઓને કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તાબા હેઠળ પ્રતિનિયુકિત ઉપર મુકવાના થાય છે.

આથી યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, આપના તાબા હેઠળના ઉકત સંવર્ગના કર્મચારીઓના ધ્યાન પર લાવી જે કર્મચારીઓ પ્રતિનિયુકિત પર જવા માંગતા હોય તેમની લેખિતમાં સંમતિ મેળવી, આ સાથે સામેલ પરિશિષ્ટ-૨માં માહિતી ભરાવી, મોડામાં મોડા આ કચેરીને તા.૨૦/૯/૨૦૧૨ સુધીમાં મોકલી આપવાની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની ફાઇલ ઉપર મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

જા.નં.આકૃયુ/રજી/એડીએમ-૧.૧/ ૧૦૯૯૨-૯૩ /૨૦૧૨
તા.૧૩/૯/૨૦૧૨

(સહી)
કુલસચિવ

<u>નકલ સવિનય રવાનાઃ</u>

૧. યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ ...... જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.
૨. ઉપસચિવશ્રી(ક-૨), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

C-11

પરિશિષ્ટ-૨

સરકારી અધિકારીઓ/કર્મચારીઓની બઢતીઓ/બદલીઓ/નિયુકિતઓની દરખાસ્ત સાથે રજુ કરવાની વિગતો દર્શાવતું પત્રકઃ

| | | | |
|---|---|---|---|
| ૧ | નામ | : | |
| ૨. | જન્મતારીખ | : | તા. |
| ૩. | હોદ્દો | : | |
| ૪. | (અ) વતનનું સ્થળ | : | |
| | ગામ | : | |
| | તાલુકો | : | |
| | જીલ્લો | : | |
| | (બ)કર્મચારી/અધિકારી વતનના જીલ્લા સિવાય અન્ય કોઈ સ્થળે કુટુંબના સભ્યો સાથે સ્થાયી હોય તો તેની વિગતો અને સરનામુઃ | : | |
| ૫. | હાલની જગ્યાનું નામ | : | |
| ૬. | હાલની જગ્યા અને સ્થળે જે તારીખથી કામ કરતા હોય તે તારીખ | : | |
| ૭. | હાલની જગ્યા અને સ્થળ પહેલાં જે જગ્યાએ અને સ્થળે કામ કરતા હતા તે જગ્યાઓ અને સ્થળોના નામો,<br>દરેકના સમયગાળા સાથે | : | |
| ૮. | બદલી/બઢતીથી સૂચિત નિયુકિતની જગ્યાનું નામ, સ્થળ (આ જ હેસિયતથી આ જ જગ્યા પર અગાઉ બજાવેલ કામગીરીના સમયગાળા સાથે) | : | |
| ૯. | બદલી/બઢતીથી સૂચિત નિયુકિતના કારણો-જાહેર હિતમાં કે સ્વેછાએ | : | |
| ૧૦. | જાહેર હિતના કારણો હોય તો તેની અનિવાર્યતાના સુસ્પષ્ટ અને સબ કારણો (માત્ર જાહેર હિત કહેવાનું પર્યાપ્ત ગણાશે નહી) | : | |
| | - જો સ્વેચ્છાએ/અંગત કારણોસર હોય તો તેની અને તે સ્વીકારવાની સબળતાની વિગતો. | : | -- |
| | -કૌટુંબિક વિગતો | : | -- |
| | -પરિણિત કે અપરિણિત, પતિ કે પત્ની સરકારી સેવામાં હોય તો તેમના નામ, હાલ ધારણ કરેલ જગ્યાનું નામ, સ્થળ અને સમયગાળો, સંતાનોની વિગતો<br>-ઉંમર અને અભ્યાસના વર્ષ | : | -- |
| | -માતા/પિતાની ઉંમર વગેરેની વિગતો- જો કોઈ સંતાનના અભ્યાસના કારણો હોય તો જે પુત્ર/પુત્રીઓના અભ્યાસ માટે માંગણી કરી | | |

C-1

| | | | |
|---|---|---|---|
| | હોય તે પુત્ર/પુત્રીઓના અભ્યાસ માટે માંગણી કરી હોય તે પુત્ર/પુત્રીઓના નામો, ઉંમર અને અભ્યાસનું વર્ષ | | |
| ૧૧. | બઢતીઓ/બદલીઓ/નિયુકિતના માર્ગદર્શક સિધ્ધાંતોમાં છુટછાટ મુકવાની દરખાસ્ત હોય તો તેની વિગતો | : | -- |
| | - હાલની જગ્યા પર ત્રણ વર્ષ થયા ન હોવા છતાં કરવામાં આવેલી દરખાસ્તના જાહેર હિતના ખાસ અનિવાર્ય કારણો. | : | -- |
| | -વતનના જીલ્લા/તાલુકામાં મુકવાની દરખાસ્ત હોય તો તે માટેના કારણો. | : | -- |
| | -વતનના જીલ્લા/તાલુકા સિવાયના અધિકારીઓ/કર્મચારીઓ ઉપલબ્ધ હોવા છતાં વતનના જીલ્લા/તાલુકામાં મુકવાની દરખાસ્ત હોય તો તે માટેના હિતના ખાસ અનિવાર્ય કારણો | : | -- |
| ૧૨ | અધિકારી/કર્મચારી જે જગ્યાએ/સ્થળે નિયુકિત માટે તૈયારી દર્શાવી હોય તે જગ્યા/સ્થળના પસંદગીના ક્રમાનુસાર તેમના ત્રણ વિકલ્પો પ્રમાણેની જગ્યા/સ્થળના નામો. | : | -- |
| ૧૩. | ઉપર કોલમ-૧૨ બાબતમાં જે અધિકારી/કર્મચારીની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને જગ્યની સંવેદનશીલતા વગેરેના સંદર્ભમાં નિયુકિત માટેની તેની યોગ્યતા અંગેના સક્ષમ સત્તા/વિભાગના વડાનો સ્પષ્ટ અભિપ્રાય | : | કોલમ-૮માં દર્શાવેલ સ્થળે નિમણૂંક આપવા ભલામણ છે. |

## પ્રમાણપત્ર

ઉપર દર્શાવેલ વિગતો રેકર્ડના આધારે મે જોઈ છે અને સાચી હોવાનું જણાયેલ છે.

કચેરી વડાના સહી/સિક્કા